સ્મિતા આયંગર

# હેર ટ્રેન્ડ-૨૦૦૮

આ વર્ષના હેર સ્ટાઈલ અને હેર કટના ટ્રેન્ડમાં શું છે લેટેસ્ટ? જાણો ફેશન પંડિતો પાસેથી.

જાન્યુઆરી મહિનો આવે એટલે સ્ટાઈલ મીટરનું ટિક ટિક ચાલુ થઈ જાય. ફ્રાન્સ, ઈંગ્લેન્ડ અને ઈટાલી જેવા ફેશનના ટ્રેન્ડ સેટર તરીકે ખ્યાતનામ દેશો ફેશનના વરતારા કરવા માંડે. ફેશન પંડિતોની ગાડી ગિયરમાં આવી જાય. ફેશન એટલે માત્ર વસ્ત્રોની જ નહીં, મેકઅપ, હેર, વગેરેની પણ ખરી. તો જોઈએ, આ વર્ષે હેર કટ ને હેર સ્ટાઈલમાં કેવો ટ્રેન્ડ રહેશે.

સૌથી પહેલી વાત તો એ કે આ વર્ષે શોલ્ડર લેન્થ હેર



સીમા જેરાજાનીએ કરેલી હેર સ્ટાઈલ: કર્લ્સ ને વેવ્સનો હિટ-હૉટ ટ્રેન્ડ.



જાણીતા હેર સ્ટાઈલિસ્ટ જાવેદ હબીબે કરેલી હેર સ્ટાઈલ: હેર વેક્સ સાથેનો ન્યુ લુક.

સ્ટાઈલ ઈન ગણાવાની છે. ખભા સુધીના કે એનાથીય લાંબા વાળ ધરાવતી બ્યુટી ફેશનેબલ ગણાવાની છે એ નક્કી.

લાંબા વાળમાંય નેચરલ વેવ્ઝ હોય, થોડા ઘાટા લાગે એવો કટ હોય, લાંબા લૂઝ લેયર્સ હોય અને નેચરલ ટેક્સચર હોય અથવા તો કર્લી-ઘુઘરિયા હોય એવા વાળનો ટ્રેન્ડ પોપ્યુલર બનશે એમાં શંકા નથી.

ફુલ બેન્ગ્સ સાથેના હેર કટ કે ચહેરાના ઘાટને નિખાર આપતા વેવ્ઝ અથવા તો સાઈડ સ્વેપ્ટ બેન્ગ્સ પ્રકારની હેર સ્ટાઈલ ઈન થિંગ ગણાવાની છે. કારણ સીધું છે. આવી હેર સ્ટાઈલો સેક્સ અપીલ વધારતી હોય છે.

આ ઉપરાંત, વાળની લેન્થ અનઈવન હોય એવી અસિમેટ્રિકલ કટ તરીકે ઓળખાતી હેર સ્ટાઈલ અને બૉબ કટ પણ ઈન રહેવાના છે. ચહેરાને ચિબુક પાસેથી કવર કરી લે એવી શૉર્ટ બૉબ તરીકે ઓળખાતી હેર સ્ટાઈલનો પણ ટ્રેન્ડ રહેવાનો. આમાં વાળને ડ્રામેટિક કલર્સથી હાઈલાઈટ કરવાનું ચલણ પણ રહેવાનું.

આ સિવાય સ્માર્ટ બૉય કટ તો એવરગ્રીન છે જ. બોલ્ડ ને બ્યુટિફુલ તરીકે ઓળખાવું હોય તો ફુલ્લી રેઝર્ડ ઍન્ડ લેયર્ડ કટ તરીકે ઓળખાતી હેર સ્ટાઈલ પણ અપનાવી શકાય. આ હેર સ્ટાઈલ સેક્સી અને કેર ફ્રી લુક આપે છે એવું હેરોગ્રાફરોનું કહેવું છે.

**હેર કલર્સ**

આ વર્ષે મહોગેની, બર્ગન્ડી, ઓબર્જીન, વગેરે જેવા રિચ હાઈલાઈટ્સ સાથેના ડીપ, ડાર્ક ને સેક્સી શેડ્સ જોવા મળે તો નવાઈ ન પામતા, કેમ કે આ શેડ્સ એકદમ હૉટ ગણાય છે. દેશ ને વિદેશમાં બહુ જ જાણીતા હેર સ્ટાઈલિશ જાવેદ હબીબ કહે છે:

'તમારો ચહેરો નમણો હોય તો સૉફ્ટ લોન્ગ ટેક્સચર્ડ વેવ્ઝવાળી હેર સ્ટાઈલ તમને ચિક લુક આપશે. લાંબો ચહેરો હોય ને બિગર બોન સ્ટ્રક્ચર હોય તો બ્લન્ટ બેન્ગ્સ, કપાળ પાસે કટ અથવા રેઝર્ડ કરાવેલા વાળ તમને સ્ટાઈલિશ લુક આપશે.'

પુરુષોની વાત કરીએ તો લાંબા વાળ હવે એમના માટે ખરેખર આઉટ ઑફ સ્ટાઈલ ગણાવા માંડ્યા છે. ટૂંકા, વ્યવસ્થિત રીતે ઓળી શકાય એવા ક્રૂ કટ, કમાન્ડો કટ, મિલિટરી કટ, વગેરેનું ચલણ પાછું આવ્યું છે ને આ વર્ષે રહેવાનું પણ છે.

જાવેદ કહે છે: 'જે પુરુષોને વાળનો વધારે જથ્થો ગમતો હોય એમણે લેયર્ડ ને રફલ્ડ હેર કટ કરાવવા જોઈએ તથા હેર જેલ, મુસ કે પછી સ્ટાઈલિંગ વેક્સથી વાળને યોગ્ય લુક આપવો જોઈએ.'

*ફ્યુઝન્સ* નામના સલૂનના ફેમસ હેર સ્ટાઈલિશ સીમા જેરાજાની કહે છે: 'આ વર્ષે પર્મ કરેલા વાળ એક સ્ટ્રોન્ગ સ્ટાઈલ સ્ટેટમેન્ટ બનવાના એ નક્કી. વાળમાં ઘણું ટેક્સચર હોય, ઘણા વેવ્ઝ હોય, શૉર્ટ લેયર્સ હોય તથા ટેન્ગલ કર્લ હોય તો તમને નૉટી લુક મળશે એ લખી રાખજો.'

સીમાનું કહેવું છે કે બ્રાઉન, બ્લોન્ડ, અંબર ને હની જેવા વૉર્મ કલર ટોન્સ આ વર્ષે ઈન ગણાવાના છે એટલે તમારા વાળને આવા શેડ્સ આપશો તો યુ વિલ બી હૉટ.

ગઈ સદીના સાઠના ને સિત્તેરના દાયકામાં રેટ્રો લુક બહુ ફેમસ હતો. આજે ફરી એની ફેશન આવી રહી છે. વળી, બુફોનની ફેશન પણ પાછી આવી છે. બુફોન એટલે... જવા દો, સમજાવવા કરતાં દાખલા જ જાણી લો: એક સમયની સાયરા બાનો, સાધના ને શર્મિલા ટાગોરની હેર સ્ટાઈલ યાદ કરો. બસ, એ જ છે બુફોન કટ. ઈટ'સ કમિંગ બૅક, બેબી. કારણ કદાચ એ છે કે *ઓમ શાંતિ ઓમ*માં દીપિકા પદુકોણે એવો લુક ધારણ કર્યો છે.

હેર બેન્ડ, ફૂલ ખોસેલો ઊંચો અંબોડો ને ઈવનિંગ ગાઉનની સાથે જાય એવા ચોટલા, વગેરે આજકાલ ખૂબ ચલણમાં છે. સિત્તેર ને સાઠના દાયકાની ફેમિનિન લુકવાળી આ હેર સ્ટાઈલો પાછી આવી છે એમાં કોઈ શક નથી, કેમ કે હેર સ્ટાઈલ પણ બીજી ફેશનોની જેમ એનું ચક્ર પૂરું કરતી હોય છે.